# નવસારી  જિલ્લાના વાંસદા ખાતે

# ૨૬મી જાન્યુઆરી- પ્રજાસત્તાક પર્વ-૨૦૨૪ની જિલ્લાકક્ષાની ઉજવણી સંદર્ભે

## માન. નાણા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના પ્રવચનના મુદ્દાઓ

## ૭૫ મો પ્રજાસત્તાક પર્વ

સમગ્ર દેશમાં પ્રજાસત્તાક પર્વની આનંદ અને ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી રહી છે. દેશની આન, બાન અને શાન સમા આ રાષ્ટ્રીય પર્વની ઉજવણી આજે આપણે નવસારી જિલ્લાના વાંસદા તાલુકા મથકે ગાંધી મેદાન ખાતે કરી રહ્યા છીએ ત્યારે મા ભોમની રક્ષા કાજે પોતાના અમૂલ્ય પ્રાણ ન્યોચ્છાવર કરનારા સ્વાતંત્ર્ય સેનાનીઓને અને ભારતીય બંધારણના ઘડતર અને અમલ માટે વર્ષો સુધી અમૂલ્ય યોગદાન આપનાર સર્વે મહાનુભાવોને હું શત શત નમન કરું છું...સાથે, વ્હાલા નાગરિકો, જિલ્લાના પદાધિકારીઓ, અધિકારીઓ, કર્મચારીગણ અને સર્વે ભાઈ બહેનો અને વ્હાલા ભૂલકાઓને વાંસદાનાં આ ગાંધી-મેદાનથી...૭૫ મા પ્રજાસત્તાક પર્વની હૃદયપૂર્વક શુભકામનાઓ પાઠવું છું.

- આ પ્રસંગે પરમ પૂજય મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ, સુભાષચંદ્ર બોઝ, બંધારણના ઘડવૈયા ડો.બાબાસાહેબ આંબેડકર, કનૈયાલાલ મુનશી સહિત અનેક નામી અનામી હસ્તીઓના યોગદાનને ભૂલી શકાય તેમ નથી. આજે દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈના માર્ગદર્શન હેઠળ આપણો દેશ ખૂબ ઝડપથી

આત્મનિર્ભર બનવા તરફ આગળ વધી રહયો છે. તાજેતરમાં માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના વરદ્ હસ્તે આશરે ૫૦૦ વર્ષ બાદ અયોધ્યામાં રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવેલ, જે દરેક ભારતીય માટે આનંદ અને ગર્વની બાબત છે.

- માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આપણી જનશકિતનો રાષ્ટ્રના વિકાસમાં ઉપયોગ કરી 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો પ્રયાસ, સૌનો વિશ્વાસ'ની વિભાવનાને ખરા અર્થમાં સાર્થક કરી છે.
- યશસ્વી અને વિશ્વ નેતા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વના લીધે ગત વર્ષે ભારતને G 20 ની પ્રેસીડેન્સી પ્રાપ્ત થઇ હતી. આ G 20 દેશો વિશ્વના ૮૫ ટકા અર્થતંત્ર ઉપર અસર કરે છે અને ૮૦ ટકા વસ્તીનું પ્રતિનિધિત્વ કરે છે. આજે G 20 ના સફળ નેતૃત્વ અને ગરિમાંપૂર્ણ સમાપનની વિશ્વ ફલક ઉપર નોંધ લેવામાં આવી છે, જે આપણા સૌ માટે ગર્વની બાબત છે.
- કોરોના પછી સમગ્ર વિશ્વના અર્થતંત્રની ગતિ ધીમી પડી હતી ત્યારે ભારતનું અર્થતંત્ર ૨૦૧૪ માં ૧૧માં સ્થાને હતું તે હવે ઇંગ્લેન્ડને હટાવી પમું સ્થાન પ્રાપ્ત કરેલ છે. હવે માનનીયશ્રી મોદીજીની ગેરંટી છે કે, ૨૦૨૭માં આપણે વિશ્વની ત્રીજી અર્થ વ્યવસ્થા બનીશું.
- મને એક મહત્વની વાતનો ઉલ્લેખ કરતાં આનંદ થાય છે કે, ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના માનનીય

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતમાં રોજગારી વધે અને ઔધોગિક ક્ષેત્ર સહિત સર્વાંગી વિકાસ થાય તે માટે વાયબ્રન્ટ ગુજરાતની શરુઆત કરી હતી. જેની ૧૦મી વાયબ્રન્ટ ગુજરાત સમીટ ૧૦ થી ૧૨ જાન્યુઆરી, ૨૦૨૪ દરમ્યાન સફળતાપૂર્વક ગાંધીનગર ખાતે યોજાઇ હતી. આ સમિટમાં દેશ વિદેશના રોકાણ કારોએ ભાગ લીધો હતો. જેમાં સેમી કન્ડકટર બનાવતી માઇક્રોન કંપનીએ સાણંદ ખાતે ઉત્પાદન પધ્ધતિ વિકસાવવાનું કર્યુ છે.

- આપણા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ "ટીમ ગુજરાતે" આજે ગુજરાતના ખૂણે ખૂણાનો વિકાસ કરીને ઊંચાઈના શિખરો સર કર્યા છે. ગુજરાતે વિકસિત ભારત @ ૨૦૪૭ની પરિકલ્પનાને સાકાર કરવાની દિશામાં નક્કર પગલા લીધા છે. સ્વચ્છ ભારત અભિયાન, મેરી મીટ્ટી, મેરા દેશ અને વાઇબ્રન્ટ ગુજરાત - ૨૦૨૪ ના સફળ આયોજન દ્વારા ગુજરાતના ઔધોગિક ફલકમાં નવતર આયામો સર્જ્યા છે.
- નારી ગૌરવ નીતિ અમલમાં મૂકનારું ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે. ગુજરાતની મહિલાઓ અને બાળકોની ઉજ્જવળ આવતીકાલના નિર્માણ માટે આપણે કટીબધ્ધ છીએ. આપણા રાજ્યની બહેનો અને મહિલાઓ પણ સુશાસનમાં તેમનુ યોગદાન આપી શકે તે માટે આ સરકારે, સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીઓમાં ૫૦ ટકા આરક્ષણ અને

સરકારી નોકરીઓમાં  ૩૩ ટકા મહિલા આરક્ષણનો પરિણામલક્ષી અમલ કરાવ્યો છે. આજે આપણે "ગંગા સ્વરૂપ આર્થિક સહાય યોજના" થકી ૧૩.૭૧ લાખ જેટલી વિધવા બહેનોના બેન્ક ખાતામાં ડી.બી.ટી. મારફતે આર્થિક સહાય આપી છે.

- પ્રધાનમંત્રીશ્રીના માર્ગદર્શનમાં ગુજરાતનાં યુવાનોમાં રહેલી ઉદ્યોગ સાહસિકતાને આર્થિક પીઠબળ પૂરું પાડી તેમના સપનાંઓને પાંખો આપવાનું કામ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર અભૂતપૂર્વ રીતે કરી રહી છે. આજે આપણું ગુજરાત 'ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ' રેન્કિંગમાં સમગ્ર દેશમાં બીજા ક્રમે છે. રાજ્યના કૌશલ્યવાન યુવાઓને રોજગારી મળી રહે તે માટે સમયાંતરે રાજ્યમાં ભરતી મેળાનું આયોજન થાય છે.
- આપ સૌ જાણો જ છો કે, આજનું આપણું ગુજરાત સ્માર્ટ ગુજરાત બન્યું છે. પ્રધાનમંત્રી આવાસ યોજનાના અમલીકરણમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રસ્થાને છે. છેલ્લા બે વર્ષમાં 3.16 લાખ આવાસોનું નિર્માણ થયું છે.
- સ્માર્ટ અને સ્વચ્છ સુવિધાપૂર્ણ શહેરોના નિર્ધાર સાથે ક્લીન અને ગ્રીન ઉર્જાને પ્રોત્સાહન આપીને રાજ્યમાં ગત એક વર્ષમાં લગભગ 1 લાખ ૭ હજાર જેટલા ઘર ઉપર સોલર રૂફટોપ સિસ્ટમ લગાડવામાં આવી છે. સોલાર ઉત્પાદનમાં આશરે ૮૧ % ઉત્પાદન સાથે ગુજરાત

દેશભરમાં પ્રથમ ક્રમે છે. સોલર રોફ ટોપ યોજના “સૂર્ય ગુજરાત” ને વ્યાપક પ્રતિસાદ સાંપડી રહ્યો છે.

- આપણા ધોરડોને યુનાઇટેડ નેશન્સ વર્લ્ડ ટુરીજમ ઓર્ગેનાઇજેશન દ્વારા વર્લ્ડ બેસ્ટ ટુરીઝમ વિલેજનો એવોર્ડ મળ્યો છે. ગુજરાતનું કચ્છ તેની કુદરતી સંપદા મેહમાનગતીને કારણે વિશ્વવિખ્યાત બન્યો છે. ઇન્ડિયા ટુરીઝમ સ્ટેટસ 2023ના રિપોર્ટ મુજબ વિદેશી પ્રવાસીઓની દ્રષ્ટિએ ગુજરાત ભારતમાં પ્રથમ સ્થાને છે.
- પૂર્ણા નદીના તટે વસેલુ નવસારી સમગ્ર દેશમાં સંસ્કારી નગરી તરીકે જાણીતુ  શહેર છે જે હવે વિકાસના પથ પર અગ્રેસર બન્યું છે. નવસારી જિલ્લાના ગ્રામ્ય અર્થકારણમાં પણ સહકારી મંડળીઓએ ખૂબ મહત્વની ભૂમિકા ભજવી છે.
- પૂ.ગાંધીજીએ જિલ્લાના દાંડી ખાતે મીઠાનો સત્યાગ્રહ કરી, અંગ્રેજ સલ્તનત સામે આઝાદીની લડાઇની શરૂઆત કરી હતી. ભારતની આઝાદી માટે અવિરત સંઘર્ષ કરીને નામી અનામી અનેક વિરલાઓએ પોતાની જીંદગી ખપાવીને આપણને મહામૂલી આઝાદી અપાવી છે.
- નવસારીએ અનેક વિશ્વ વિખ્યાત પારસીઓની કર્મભૂમિ-જન્મભૂમિ છે. દાદાભાઇ નવરોજી, જમશેદજી ટાટાએ વિશ્વસ્તરે નામના મેળવી છે. નવસારી સંસ્કારી નગરના સિંચન માટે પારસી સમાજનું યોગદાન મહામૂલુ રહયું છે.

- ભારતના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈના માર્ગદર્શન હેઠળ મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર નક્કર ઈરાદાઓ સાથે જનજન સુધી વિકાસના ફળો પહોચે તે માટે કાર્ય કરી રહી છે. રાજ્ય સરકાર, જિલ્લા વહીવટીતંત્ર અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના સહિયારા પુરૂષાર્થના પરીણામે આજે નવસારી જિલ્લામાં વિકાસના ઘણા કામો થયા છે. જેમ કે....

## પી.એમ. મિત્ર પાર્ક

નવસારીના જલાલપોર તાલુકાના વાંસી-બોરસી ખાતે ૧૧૪૧ એકરમાં પી.એમ. મિત્ર પાર્કના નિર્માણ માટે રાજ્ય અને કેન્દ્ર સરકાર વચ્ચે એમ.ઓ.યુ. થયા છે. વાંસી-બોરસીમાં સાકાર થનાર આ પાર્કમાં એક જ છત્ર નીચે સ્પિનિંગ, વિર્વીંગ, પ્રોસેસિંગ/ડાઇંગ અને પ્રિન્ટિંગથી લઈને ગાર્મેન્ટ મેન્યુફેક્ચરિંગ સુધીની ઈન્ટિગ્રેટેડ ટેક્ષ્ટાઈલ વેલ્યુ ચેઈન ઉભી થશે. જેનાથી આશરે ૧ લાખ પ્રત્યક્ષ અને બે લાખ પરોક્ષ રોજગારીનું સર્જન થશે. અહીં ટ્રેનિંગ, રિસર્ચ અને ઈનોવેશનના ત્રિવેણી સંગમથી ટેક્ષટાઈલ સેકટરની તંદુરસ્ત હરિફાઈને ઉત્તેજન મળશે અને વિકાસમાં વધારો થશે.

## વિકસિત ભારત સંકલ્પ યાત્રાની સિધ્ધિ

મિત્રો દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારત સંકલ્પયાત્રાના માધ્યમથી સરકારના યોજનાકીય લાભો દેશના પ્રત્યેક વ્યકિતના ઘર સુધી પહોંચાડવા માટે સંકલ્પ લીધો છે. તાજેતરમાં નવસારી

જિલ્લામાં યોજાયેલી વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં કેન્દ્ર તથા રાજ્યના મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, જિલ્લા-તાલુકાના પદાધિકારી-અધિકારીઓએ ૩૬૧ ગ્રામ પંચાયતોમાં જઈને યોજનાઓના લાભો છેવાડાના ગરીબ વ્યકિત સુધી પહોચાડયા છે. આ સંકલ્પ યાત્રામાં ૧,૪૭,૫૭૫ થી વધુ લોકો સહભાગી બન્યા હતા. આ યાત્રા થકી ૬૪૬૦૧ વ્યક્તિઓના આરોગ્યની તપાસ કરવામાં આવી. સાથો-સાથ ૬૩૦૬૦ ટી.બી. રોગ તથા ૧૧૮૧૭ સિકલસેલ એનિમીયા રોગની તપાસ કરવામાં આવી હતી. જિલ્લાની ૩૪૧ ગામોની જમીનના રેકર્ડનું ૧૦૦ ટકા ડિઝીટલાઈઝેશન કરાયું છે. પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ ૧૬૨૫ નાગરિકોએ ગેસ કનેક્શન માટે, સુરક્ષા વિમા યોજનામાં ૫૨૧૩ ખેડૂતોએ તથા ૨૪૭૯ ગ્રામજનોએ જીવન જયોતિ વીમા યોજનામાં રજિસ્ટ્રેશન કરાવ્યું છે. વધુમાં, ૧૫૯ ગામોમાં ડ્રોન નિદર્શન તથા પ્રાકૃતિક ખેતી માટે ખેડૂતોને જાગૃત કરવામાં આવ્યા હતા.

## **આદિવાસી બાંધવોના વિકાસ માટે કટિબધ્ધ સરકાર**

મિત્રો, આ સરકાર આદિજાતિ બંધુઓના સર્વાંગી વિકાસ માટે કટિબધ્ધ રહી છે. વનબંધુ કલ્યાણ યોજના થકી આદિવાસીક્ષેત્રના લોકોએ વિકાસની હરણફાળ ભરી છે. સને ૨૦૨૨-૨૩ માં વાંસદા તાલુકાના સરા ગામે ૫૫૦ આદિજાતી વિધાર્થીઓના અભ્યાસ અર્થે એકલવ્ય રેસીડેન્સીયલ મોડેલ સ્કુલ માટે રૂ. ૨૦૦૦ લાખ તથા કાવડેજ ગામે રૂ.૨૦૦ લાખના ખર્ચે

હાટ બજાર મંજુર કરવામાં આવ્યા છે. તેમજ વિદેશ અભ્યાસ માટે બે વિધાર્થીઓને રૂ. ૩૦ લાખની સહાય આપવામાં આવી છે.

સૌના માટે આરોગ્ય યોજના અંતર્ગત ૪૮૫૦૦ લાભાર્થીઓને આરોગ્યલક્ષી સહાય માટે રૂ.૧૧૫૯.૯૧ લાખની સહાય, રોજગાર લક્ષી વિવિધ તાલીમો હેઠળ ૧૧૧૨૬ લાભાર્થીઓને રૂ.૧૦૬૮.૩૭ લાખની સહાય આપવામાં આવી છે .

ચાલુ વર્ષે ૨૦૨૩-૨૪ ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ રૂ. ૨૧૮૫ લાખની મંજુરી તથા બોર્ડર વિલેજ આદિમજૂથ અને હળપતિ આવાસ યોજના માટે રૂ. ૨૨૧૮ લાખના ૧૮૪૯ આવાસો મંજુર કરવામાં આવ્યા છે .

## નવસારીના ખેડૂતો આત્મનિર્ભર બની રહ્યા છે...

પ્રધાનમંત્રી કિસાન યોજના હેઠળ ખેડૂત કુટુંબને પ્રતિ વર્ષ રૂ.૬૦૦૦/- સહાય ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડી.બી.ટી.) માધ્યમથી મળવાપાત્ર થાય છે. જે ત્રણ સમાન હપ્તામાં ચાર માસના અંતરે ચૂકવવામાં આવે છે. આ યોજના હેઠળ નવસારી જિલ્લાના કુલ ૧,૬૪,૮૫૨ ખેડૂતો રૂ. ૮.૪૦ કરોડથી વધુની રકમ સહાય રૂપે પોતાના ખાતામાં મેળવી રહ્યા છે.

જિલ્લાના ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે અને પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે એ હેતુસર જિલ્લા પંચાયત નવસારી દ્વારા રાજ્યમાં સૌપ્રથમ એક નવી પહેલ કરી જીલ્લા પંચાયત હસ્તકના ફાર્મ ઉપર જીવામૃત તૈયાર કરી ખેડૂતોને નહી નફો નહી નુકશાનના ધોરણે વિતરણ કરવામાં આવી રહ્યું છે.

## મત્સ્યોદ્યોગ નિયામકની કચેરી, નવસારી

જિલ્લામાં વાર્ષિક ૫૦ મેટ્રિક ટન જેટલું દરિયાઈ અને ૨૫ મેટ્રિક ટન આંતરદેશીય માછલીઓનું ઉત્પાદન થાય છે. જેને વધુ વેગવાન બનાવવા ચાલુ વર્ષે ધોલાઈ મત્સ્ય બંદર ના વિકાસ માટે રૂ.૪ કરોડ થી વધુની મંજુરી આપવામાં આવેલ છે. ઝીંગા ઉછેર પ્રવૃતિ માટે ૨૭૮૦ હેકટર જમીનની ફાળવણી કરવામાં આવેલ અને વાર્ષિક ૧૬,૦૬૦ મેટ્રિક ટન ઝીંગા ઉત્પાદન દ્વારા કરોડોનું વિદેશી હૂંડીયામણ મળે છે.

## સીધા, પહોળા અને લાંબા રસ્તાઓ બન્યા ગુજરાતના વિકાસના રાજમાર્ગો

નવસારી જિલ્લામાં નવસારી માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ) હસ્તકના રસ્તાના મજબૂતીકરણ તથા પહોળા કરવાના અને પુલોના સમારકામના કામો અન્વયે વર્ષ ૨૦૨૩-૨૪ માં કુલ રૂા.૧૮૦ કરોડના ૧૩ કામો પૂર્ણ કરવામાં આવેલ છે. રૂ. ૪૪૮ કરોડના ૧૯ કામો પ્રગતિ હેઠળ છે. તથા રૂ. ૪૧૫ કરોડના ૨૨ કામો મંજુર થયેલ છે.

## પી.એમ.આવાસ

પી.એમ. આવાસ યોજનામાં વર્ષ ૨૦૧૬-૧૭ થી ૨૦૨૩ સુધીના ૬ વર્ષમાં કુલ ૧૩૨૫૩ આવાસો લાભાર્થીઓને અપાયા છે અને ૫૫૮૨ આવાસોના કામો પ્રગતિ હેઠળ છે.

## સ્વચ્છ ભારત મિશન

"સ્વચ્છ નવસારી જવાબદારી અમારી" સ્વચ્છતા અભિયાન અંતર્ગત જિલ્લાના ૩૮૯ ગામોમાં ૮૦૮ જેટલા કચરાનાં પોઈન્ટ પર જનભાગીદારી થકી ૪૫૫ ટન કચરાનો નિકાલ યોગ્ય રીતે કરવામાં આવેલ છે ઘન કચરાનો યોગ્ય રીતે નિકાલ કરવા માટે નગરપાલિકા વિસ્તારના પાંચ કિલોમીટરની ત્રિજ્યામાં આવતા ૩૪ ગામોના નગરપાલિકા સાથે MOU કરવામાં આવ્યા છે.

## સામાજીક વનીકરણ વિભાગ, નવસારી

વનોના વિકાસ માટે ચીખલી તાલુકાના સમરોલી ખાતે નમો વડ વનનું, વાંસદા તાલુકાના જાનકીવન ખાતે કવચવન અને ખેરગામ તાલુકામાં પવિત્ર ઉપવન અને પંચવટી વિકાસનું નિર્માણ કરવામાં આવ્યું છે . લાખોની સંખ્યામાં રોપાઓનું વિતરણ કરી વન વિસ્તાર વધારવા અમારી સરકાર સતત પ્રયત્નશીલ છે.

## માર્ગ અને મકાન વિભાગ (પંચાયત)

નવસારી જિલ્લો પ્રગતિના પંથે આગળ વધી રહ્યો છે. માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) નવસારી દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં માં રૂા. ૩૦૫ કરોડના કુલ ૫૮૩ કામો પૈકી રૂા.૩૪૯ કરોડના ૩૯૦ કામો પૂર્ણ કરવામાં આવ્યા છે અને રૂ.૮૯.૨૪ કરોડના ૧૬૪ કામો પ્રગતિ હેઠળ છે જ્યારે રૂા.૨૨.૬૭ કરોડના ૨૯ કામો આવનાર સમયમાં શરૂ થનાર છે.

## નવસારી ડ્રેનેજ વિભાગ :

નવસારી ડ્રેનેજ વિભાગ દ્વારા ચાલુ વર્ષે ૭૩ કી.મી લંબાઈમાં ડ્રેઇન/કાંસ સફાઈની કામગીરી સી.ડી.વર્કસના ૩૦ સ્ટ્રક્ચર તથા ૪૦ તલાવો ઉંડા કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. ગણદેવી તાલુકાના કાવેરી નદી પર વાઘરેચ ટાઈડલ રેગ્યુલેટર તેમજ નવસારી તાલુકાના કસ્બાપાર ગામે પૂર્ણા નદી પર ટાઈડલ રેગ્યુલેટરની કામગીરી રૂ. ૩૨૮ કરોડના ખર્ચે પ્રગતિમાં છે. આથી નવસારી જિલ્લાના ૩૧ ગામોને પીવાના તથા સિંચાઈના પાણીનો લાભ થશે. ઉપરાંત, જમીન ધોવાણ તથા દરિયાનું ખારું પાણી આગળ વધતું પણ અટકશે.

## પંચયાત સિંચાઈ વિભાગ :

નવસારી જિલ્લામાં ૧૪૦૧ ચેકડેમ આવેલા છે જેના દ્વારા ૧૦૧૧૧ હેકટર વિસ્તારને સિંચાઇનો લાભ થાય છે. ૨૦૨૩-૨૪માં ૧૫માં નાણાપંચ તેમજ જિલ્લા આયોજન મંડળ સદરે કુલ ૩૦૪.૯૧ લાખના ૪૨ કામોની મંજૂરી મળેલ છે. આ કામોથી અંદાજીત ૯૦ હેકટર વિસ્તારમાં સિંચાઈ સુવિધા મળશે જ્યારે ગટરનાં કામો થવાથી ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છતા અને સુખાકારી જળવાશે.

## નવસારી જિલ્લા આરોગ્ય વિભાગ :

નવસારી જીલ્લામાં આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ ૬,૪૬,૧૨૧ કાર્ડ બનાવેલ છે તે પૈકી ચાલુ વર્ષમાં

૫૭૨૩ લાભાર્થીને ગુણવત્તાયુકત આરોગ્યલક્ષી સેવાઓનો લાભ આપવામાં આવેલ છે.

આભા કાર્ડ અંતર્ગત ૧૦ લાખથી વધુ ABHA કાર્ડ બનાવી ૭૯.૮૬% ની કામગીરી કરી નવસારી જિલ્લાએ ગુજરાત રાજ્યમાં પ્રથમ નંબર પર રહેવાની સિદ્ધી હાસલ કરેલ છે.

સિકલસેલ એનીમિયા કંટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત ૮,૨૧,૭૮૪ લોકોનું સ્ક્રીનીગ કરવામાં આવ્યું છે જેમાં ૬૭૨૭ સિકલસેલ એનિમીયા દર્દીઓની સારવાર વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવેલ છે.

**જલ જીવન મિશન નલ સે જલ કાર્યક્રમ** હેઠળ ૧૦૦% નળ કનેકશન થકી નવસારી જિલ્લાના તમામ ૨,૭૯,૭૬૬ કુટુંબોના ઘરોને નળ જોડાણથી આવરી લેવાયા છે.

**રિવેમ્પ્ડ ડિસ્ટ્રીબ્યુશન સેકટર સ્કીમ (RDSS) :**

કેન્દ્રના ઊર્જા મંત્રાલય દ્વારા અમલી મૂકવામાં આવેલ રિવેમ્પ્ડ ડિસ્ટ્રીબ્યુશન સેકટર સ્કીમ (RDSS) યોજના હેઠળ વીજ માળખાના અપગ્રેડેશન માટે નવસારી જિલ્લા માટે કુલ રૂ. ૩૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે જે અંતર્ગત ખુલ્લા વીજ વાયરને બદલે એરિયલ-બંચ કેબલ તેમજ કોટેડ વીજ વાયર નાખવા, દરિયાઇ વિસ્તારોમાં અને શહેરી વિસ્તારમાં હયાત ફિડરનું અંડર ગ્રાઉન્ડ કેબલમાં રૂપાંતરણ, ફિડરનું વિભાજન વગેરે જેવી વીજ માળખાના અપગ્રેડેશન સબંધિત કામગીરી કરવામાં આવશે.

આવો, આપણે સૌ સાથે મળીને જનગણ અને તંત્રના સમન્વયથી વિકસિત ગુજરાતનું નિર્માણ કરીએ. વિકસિત ગુજરાત થી વિકસિત ભારતના વડાપ્રધાનશ્રીના સંકલ્પને સાકાર કરીએ. સુશાસન મારફતે 'સૌના સાથ સૌના વિકાસ' અને "સૌના વિશ્વાસ" ના મંત્રને સાર્થક કરીએ. આજના પવિત્ર પર્વે ફરી એક વાર આપ સૌને ગણતંત્ર દિવસની અઢળક શુભેચ્છાઓ...અસ્તુ.

**ભારત માતા કી જય..**

**જય હિન્દ**

**જય જય ગરવી ગુજરાત**

...